ગુજરાતમિત્ર
મંગળવાર ૨૧ ઓક્ટોબર, ૨૦૨૫
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

ગામનું કુલ ક્ષેત્રફળ 320.01 હેક્ટર છે અને તે સુરત જિલ્લા મથકથી 50 કિ.મી. દૂર તેમજ બારડોલી તાલુકા મથકથી માત્ર 15 કિ.મી. દૂર આવેલું છે

'ઘર ઘર નળ' યોજના શરૂ થઈ તેનાં વર્ષો પૂર્વે જ વાઘેચમાં ગામલોકોના સહયોગથી મિનરલ વોટર સહિતની સુવિધા ઊભી કરાઈ હતી

ટાઉન ટોક

# NRI અને સરકારના સહયોગથી વિકાસના નવા સોપાન સર કરતું બારડોલી તાલુકાનું ગામ

# વાઘેચ



બારડોલી-નવસારી માર્ગ પર, પવિત્ર પૂર્ણા નદીના કિનારે વસેલું સુરત જિલ્લાનું છેવાડાનું ગામ એટલે વાઘેચ. ભૌગોલિક રીતે ભલે તે જિલ્લાનું આખરી ગામ હોય, પરંતુ વિકાસ અને પ્રાથમિક સુવિધાઓની દૃષ્ટિએ આ ગામ હંમેશાં અગ્રેસર રહ્યું છે. આ ગામના વિકાસનો મુખ્ય શ્રેય અહીંના જમીન સાથે જોડાયેલા અને વિદેશમાં સ્થાયી થયેલા પાટીદાર પરિવારોને જાય છે. આ પરિવારોએ સરકારની યોજનાઓની રાહ જોયા વિના, સમય પહેલા જ ગામમાં અનેક આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. ઉદાહરણ તરીકે સરકારની 'ઘર ઘર નળ' યોજના શરૂ થઈ તેનાં વર્ષો પૂર્વે જ વાઘેચમાં ગામલોકોના સહયોગથી મિનરલ વોટર સહિતની પીવાના શુદ્ધ પાણીની સુવિધા દરેક ઘર સુધી પહોંચાડવામાં આવી હતી, જે તેમની દીર્ઘદૃષ્ટિનો પરિચય આપે છે....

## ગામમાં પીવાના પાણીની સુલભ વ્યવસ્થા

ફોટો : પાણીની ટાંકી

ભારત સરકારની 'નળ સે જળ' યોજના દ્વારા હાલમાં ગ્રામીણ વિસ્તારોમાં ઘરે-ઘરે નળ દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, પરંતુ વાઘેચ ગામના આગેવાનોની દૂરંદેશી એવી છે કે તેમણે આ કાર્ય સરકારી યોજના શરૂ થઈ તેનાં વર્ષો પહેલાં જ પૂર્ણ કરી દીધું હતું. ગામના જાગૃત નાગરિકોના લોકફાળા અને સહયોગથી ઘરે-ઘરે નળની સુવિધા ઊભી કરવામાં આવી હતી. સરકારી યોજના પહેલા જ ગામનાં તમામ ઘરોમાં નળ દ્વારા પાણી પહોંચાડવાના આ મહત્ત્વના કાર્યમાં નરેન્દ્રભાઈ દેવાભાઈ પટેલ પરિવાર અને મનહરભાઈ લલ્લુભાઈ પટેલ પરિવાર દ્વારા વિશેષ યોગદાન આપવામાં આવ્યું હતું. તે સમયે ગામના બસ સ્ટેન્ડની બાજુમાં લોકફાળાથી એક પાણીની ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેણે લાંબા સમય સુધી ગામની જરૂરિયાતો પૂરી પાડી હતી. જો કે, સમય જતાં પાણીનો વપરાશ વધતાં ગ્રામજનો હવે પૂરતા દબાણથી પાણી મેળવવા માટે વધુ એક પાણીની ટાંકીની માંગ કરી રહ્યા છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખી નવસારી તરફના પાદરે રેખાબેન મનહરભાઈ પટેલ તરફથી રૂ.51,000ના ખર્ચે એક બોરવેલ પણ કરાવી આપવામાં આવ્યો છે. જો આ જગ્યા પર નવી પાણીની ટાંકી બનાવવામાં આવે તો ગ્રામજનોને પૂરતા દબાણથી પાણી મળી શકે છે. હાલમાં, સરકારી યોજના 'નળ સે જળ' અંતર્ગત ગામમાં નવી પાઈપલાઈન નાંખીને પણ નળ કનેક્શન આપવામાં આવી રહ્યાં છે. જેના કારણે વાઘેચનું પાણી વિતરણ માળખું વધુ મજબૂત બની રહ્યું છે.



## ગામની વસતી અને મુખ્ય વ્યવસાયો

વાઘેચ ગામમાં મુખ્યત્વે પાટીદાર, હળપતિ, નાયકા અને માહ્યાવંશી સમાજના લોકો વસે છે. આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન રહ્યો છે. અહીંના ખેડૂતો મુખ્ય પાક તરીકે શેરડીનું મોટા પાયે વાવેતર કરે છે. આ ગામ બારડોલી, મહુવા અને ગણદેવી સુગર ફેક્ટરીઓથી નજીક આવેલું હોવાથી, ખેડૂતો તેમની શેરડી અહીં નોંધાવીને સારો અને પોષણક્ષમ ભાવ મેળવી શકે છે. શેરડી ઉપરાંત ખેડૂતો હવે ડાંગર (ખરીફ પાક) અને બાગાયતી પાકો જેવા કે કેરીના વાવેતરમાં પણ નસીબ અજમાવી રહ્યા છે. પિયતની વાત કરીએ તો, ગામમાં નહેર અને બોરવેલ બંનેની સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી સિંચાઈના પાણીની સમસ્યા મોટે ભાગે રહેતી નથી. જો કે, બોરવેલ પર નિર્ભર રહેતા ખેડૂતોને કૃષિ વીજળીના કલાકોમાં વારંવાર આવતા કાપને કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જે તેમની ખેતીની દિનચર્યાને અસર કરે છે. આ એક એવો મુદ્દો છે જેના પર સરકારી સ્તરે ધ્યાન આપવાની જરૂર છે.



## ગામનાં મંદિરો આસ્થાનાં પ્રતીક

ગામમાં આવેલાં મંદિરો પણ આસ્થાનાં પ્રતીક છે. અહીં મહાદેવ મંદિર, ભવાની માતા મંદિર ઉપરાંત ભાથીજી મહારાજ મંદિર સહિતનાં મંદિરો આવેલાં છે, જેમાં ગામના લોકો શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરે છે. મહાદેવ મંદિરનું નિર્માણ રેખાબેન મનહરભાઈ પટેલ તેમજ ભવાની માતા મંદિરનું નિર્માણ વલ્લભભાઈ પરભુભાઈ પટેલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રાથમિક શાળાના મકાનને તોડી નવું બનાવવાની માંગ



વાઘેચ ગામમાં આવેલી પ્રાથમિક શાળાની સ્થાપના દેશની આઝાદી પહેલા વર્ષ-1931માં થઈ હતી. સ્થાપનાને 91 વર્ષ પૂરા થતાં હવે શાળાનું આ મકાન જર્જરિત અને જોખમી બની રહ્યું છે. ગ્રામજનો જણાવી રહ્યા છે કે, ગામનાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુરક્ષા માટે પ્રાથમિક શાળાને તાત્કાલિક નવા મકાનની જરૂર છે. ગામલોકો સવાલ કરી રહ્યા છે કે, જ્યારે અન્ય ગામોમાં આધુનિક શાળાના મકાનો બની રહ્યાં છે, ત્યારે વાઘેચમાં આટલી જૂની શાળા માટે નવું મકાન કેમ નથી બન્યું? ગ્રામજનોનું કહેવું છે કે, 'શાળા એ ગામનું ઘરેણું છે' અને આ ઘરેણું હવે જૂનું થઈ ગયું હોવાથી તેને બદલવાની કે નવું બનાવવાની આવશ્યકતા ઊભી થઈ છે. જર્જરિત બની રહેલું આ મકાન ગમે ત્યારે વિદ્યાર્થીઓ માટે જોખમી બની શકે છે. હાલમાં શાળામાં ધોરણ-1થી 5 સુધીના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં 2 શિક્ષક અને ત્રણ મધ્યાહન ભોજનના કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને શાળામાં બનાવવામાં આવેલા બગીચામાં વિવિધ રમતગમતનાં સાધનો મૂકવામાં આવ્યાં છે, જે બાળકોના શારીરિક વિકાસ ઉપરાંત માનસિક વિકાસ માટે પણ ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યાં છે. ધોરણ-5 પછી ગામના વિદ્યાર્થીઓએ વધુ અભ્યાસ માટે સરભોણ હાઈસ્કૂલ અથવા ભૂવાસણ પ્રાથમિક શાળામાં જવું પડે છે. આ શાળાઓ વાઘેચથી લગભગ 6 કિલોમીટર દૂર આવેલી છે. ગામના અંદાજે 100 જેટલા વિદ્યાર્થીઓ સરભોણ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે, જેઓ અવરજવર માટે મુખ્યત્વે એસ.ટી. બસનો ઉપયોગ કરે છે. આમ, ગામના ભવિષ્યને સુરક્ષિત કરવા અને શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવા માટે સરકારી તંત્ર દ્વારા વાઘેચની પ્રાથમિક શાળાના જર્જરિત મકાનને વહેલી તકે તોડી પાડી નવું અને સુરક્ષિત મકાન બનાવવું અનિવાર્ય છે.

## ગામનું ગૌરવ મનહરભાઈ પટેલ



ગામના આગેવાન અને વડીલ મનહરભાઈ લલ્લુભાઈ પટેલે ગામમાં 35 વર્ષ સુધી સરપંચ તરીકે સેવા આપી ગામના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. તેઓ બિનહરીફ ચુંટાઈ આવતા હતા. તેઓ સુરત અને નવસારી જિલ્લાની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓ બંને જિલ્લાની વિવિધ સામાજિક અને શૈક્ષણિક ઉપરાંત સહકારી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. તો હાલમાં તેઓ સુરત જિલ્લાની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા વિદ્યાભારતી ટ્રસ્ટ, ઉમરાખના પ્રમુખ તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. આ ઉપરાંત તેઓ નજીકમાં આવેલી શ્રી સરભોણ વિભાગ કેળવણી મંડળના પ્રમુખ તરીકે નવસારી જીનમાં કમિટી સભ્ય, નવસારી જિલ્લા પાટીદાર સમાજમાં ટ્રસ્ટી, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન સોસાયટી(તાજપોર કોલેજ)માં ટ્રસ્ટી તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. તેમનો મુખ્યમંત્ર છે આર્થિક રીતે નબળા વર્ગના લોકોના સામાજિક અને શૈક્ષણિક ઉત્થાનમાં સહભાગી થવું. આ ઉપરાંત મનહરભાઈ એશિયાની સૌથી મોટી ગણાતી સહકારી ક્ષેત્રની સુગર ફેક્ટરીમાં ડિરેક્ટર અને ઉપપ્રમુખ તરીકે પણ પોતાની સેવા આપી ચૂક્યા છે. નવસારી જિલ્લાની ગુરુકલ સુપા વિદ્યાલયના પ્રમુખ, નવસારી ખેડૂત સહકારી જીનના પ્રમુખ, સરદાર પટેલ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ તેમજ વિવિધ શૈક્ષણિક, સામાજિક અને સહકારી સંસ્થાઓમાં સભ્ય તરીકે રહી ચૂક્યા છે. વિદેશ જવાની તક હોવા છતાં અને વિદેશમાં જ જન્મેલા હોવા છતાં તેમણે જીવનમાં મેરા ભારત મહાનના સૂત્રને આત્મસાત કરીને ભારતમાં જ રહેવાનો નિર્ણય કરી સમગ્ર જીવન ગામ અને વિસ્તારના લોકોને સેવા માટે ખર્ચી નાંખ્યું છે. હાલ નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ સેવાકીય કાર્યમાં ક્યારેય પાછળ પડતા નથી. હાલ તેઓ પત્ની રેખાબેન સાથે રહે છે. જ્યારે પુત્ર-પુત્રવધૂ અને બે પૌત્રી USAમાં સ્થાયી થયાં છે.

## ગામના તમામ પરિવારોને વિનામૂલ્યે મિનરલ વોટરની સુવિધા

ગામનાં તમામ ઘરોને મિનરલ વોટર વિનામૂલ્યે પૂરું પાડતું બારડોલી તાલુકાનું જ નહીં, પરંતુ સુરત જિલ્લાનું પણ પહેલું ગામ હોવાનું ગ્રામજનોનો દાવો છે. ગ્રામજનોના મત મુજબ વર્ષો પહેલા ગામમાં મિનરલ વોટર માટે એક વિશેષ શેડ બનાવવામાં આવ્યો હતો. આ મિનરલ વોટર પ્લાન્ટ ગામના જ NRI અરવિંદભાઈ રણછોડભાઈ પટેલ પરિવારના સહયોગથી બનાવવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, મોટા ભાગનાં ગામોમાં મિનરલ વોટર મેળવવા માટે માસિક ભાડું ચૂકવવાનું હોય છે અને તે પણ અમુક સમાજ માટે જ ઉપલબ્ધ હોય છે. ત્યારે અહીંના દરિયાદિલ ગ્રામજનોએ મિનરલ વોટરની સુવિધા ગામના તમામ વર્ગો માટે ખુલ્લી મૂકી છે અને તે પણ વિનામૂલ્યે મિનરલ પાણી આપવામાં આવી રહ્યું છે.